# રસૂલેઅકરમ (સ.અ.વ.વ.)
# ની મુબારક સૂરત અને પાક સીરત

ઈલ્તાકના તીસરા દાઈ સૈયદના હાતિમ બીન ઈબ્રાહીમ અલ હામેદી (ક.રૂ.) એ મૌલાના અમીરૂલ મુમેનીન (અ.સ.) ના શાનાતે મુનીરા અને ફઝાઈલે ઝાહેરા ઘણી કુશાદગીથી બયાન ફરમાવેલા છે, આપે નાદિર અને નફીસ રિવાયતો આપના મશહુર કિતાબ *"અલ મજાલેસુલ હાતેમીય્યા"* માં રકમ ફરમાવેલી છે. ૭૦ મી મજલીસમાં આપ એક રિવાયત તેહરીર ફરમાવે છે કે, એક શખ્સે અમીરૂલ મુમેનીન (અ.સ.) ને રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અખ્લાકે કરીમા, આપનું જીસ્મ મુબારક અને ચહેરાની તાઅરીફ, આપના કલામની તાસીર અને કેફીય્યત, અને આપના રહેન-સહેન અને ચાલ-ચલનના બારામાં સવાલ કીધો, તો આપે જવાબમાં ફરમાયું કે, રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ખુબ જ ઈઝઝતવાલા હતા, રોશન ચહેરાવાલા હતા, આપનો ચહેરો પૂનમના ચાંદ જીમ ચમકતો હતો. આપના બાલ કાંસકાથી સંવારેલા, ગરદનના અને કાનને નઝદીકના બાલ પણ કંગીદાર, હોઠને નીચેના બાલ બારીક, કાનની બૂટીથી આપના બાલ બાહર ન નીકલે, ચમક-દમકવાલા અને નરમ, આપની પેશાની કુશાદા, આંખના ભંવર લંબા, આંખ પહોલી, કીકી કાલી ઘટ્ટ, સૂરમો લગાવો હોય એવી, રોબ અને મોહાબાવાલા, ચહેરો હંમેશા હસતો, એને સાથે આપની હયબત અને રોબ બરકરાર, વકાર-સુકૂન અને રોનકવાલા, આપની નાક ઉંચી અને અણીદાર, દાઢી સાફ સૂથરી અને ઘટ્ટ, ગાલ નરમ, મૂઁહ કુશાદા, દાંત ચમકદાર અને ચોખ્ખા, મૂછ પતલી, ગરદન સાબર જેવી સાફ અને ચાંદી જેવી ચમકદાર, કદ્દોકામત-બાંધો દરમિયાની, છાતી કુશાદા, બેવે ખભાને દરમ્યાન થોડી જુદાઈ, દરમ્યાની કદના, હાથ અને પગ ભરાવદાર, ગાલ લીસા-નુરાની, સીનો સપાટ-સીધો ફેલાયેલો, હાથ-પગના તલા પતલા, આંગલીઓ કુશાદા, પગ નરમ-તાઝા અને પહોલા અને જે વક્ત આપ ચાલે તો નીચેની ઝમીન હલતી હતી અને જ્યારે ફીરીને જોય તો પૂરૂં બદન ફીરાવી દે.

ઝયાદાતર આપની આંખો મીંચેલી રાખતા, આપની નિગાહ આસ્માન કરતાં ઝમીનની તરફ ઝીયાદા રહેતી, ચહેરા પર હર વકત મુસ્કાન અને કોઈપણ આપથી મિલે તો આપ આગલ આવીને સલામ બોલે. અકસર વક્ત આપ દુનિયાના હાલ પર દિલગીર અને ફિકરમાં રહેતાં. કોઈ વક્ત રાહત કે નિરાંતથી ન બેસતા. કામમાં મશ્ગુલ રહેતા. કામના સિવાય બીજી કોઇ વાત નહોતા કરતા. ઝયાદાતર આપ ખામોશી ઈખ્તેયાર કરતા. આપનો અવાઝ પતલો અને સૂરીલો હતો. આપનું ઈલ્હાન દરાઝ હતું. જ્યારે કોઈ વાત પર આપને તઅજ્જુબ થાય તો આપ હથેલીથી ઈશારો કરતા, જમણાં હાથના અંગૂઠાને ડાબા હાથની હથેલી પર ઠોકે. ગુસ્સાને વક્ત મૂઁહને ફેરવી લે અને ઝૂકી જાય. ખૂશીના વક્તમાં આંખોને મીંચી દે. અકસર વક્ત હોઠને ફડકાવીને હસે.

આપ (સ.અ.વ.વ.) ઘરમાં દાખિલ થાય તો આપની ઝીંદગીના ત્રણ હાલાત રહેતા. (૧) અલ્લાહને વાસ્તે (૨) બાલ-બચ્ચાઓને વાસ્તે અને (૩) ખુદ અપની ઝાતને વાસ્તે. તે બાદ આપ લોગોને વાસ્તે વક્ત નીકાલતા. આપ કોઈ ચીઝનો ઘરમાં ઝખીરો નહોતા કરતા. ઉમ્મતના લોકોની મસલેહત અને ઈસ્લાહમાં મશગૂલ રહેતા આપ એની ખબરો પૂછતા રહેતા અને કોઇ ખાસ શખ્સનું નામ લઈને એની ખબરો પૂછતા રહેતા અને કોઈ ખાસ શખ્સનું નામ લઈને એની તરફ પેતાની ખબર પહોંચાડતા. કોઈપણ કૌમના રઈસની આપ ઈઝ્ઝત કરતા. ઉમદા કામને ઉમદા અને બૂરા કામને બૂરૂ કહી દેતા. આપ કોઈ કામમાં ગાફિલ ન રહેતા. ખેરખ્વાહી અને મદદ કરવાવાલાની આપ હોંસલા અફઝાઈ કરતા. કોઈ મજલીસમાં આપ જાય તો આપને જગા મીલે ત્યાં બેસી જાય અને ઈમ કરવાનો હુકુમ પણ કરે. આપ આપની મજલીસમાં તમામને જગા આપતા કોઈને એ માલૂમ ન થાય કે આઅલા કોણ ને અદના કોણ ? અને આપના મુલાકાતીઓને જહાં તક એ પોતે આપનો સાથ છોડીને પોતાના તૌરથી જુદા ન થાય વહાં તક એને સાથ આપતા અને તમામ હાજતરવાઈ કરતા.

આપ ઈલ્મ અને અખ્લાકમાં તમામથી બરતર અને બેહતર રહેતા અને શફીક વાલિદ બની જાતા. આપને પાસે તમામનો હક્ક સરખો રહેતો. આપની મજલીસ નરમાઈ, સબર, શરમ અને બરાબરીની મજલીસ હતી. જેમાં કોઈનો આવાઝ બલંદ નહોતો થાતો. આપની મજલીસના લોગ આદિલ, ફાઝિલ, મુત્તકીં અને અલ્લાહવાલા હતા જે મોટાઓની ઈઝ્ઝત કરતા અને અદનાઓ પર રહેમ કરતા, હાજતમંદોની તલાશ કરતા, મુસાફિરોની મદદ કરતા. આપ (સ.અ.વ.વ.) હંમેશા ખુશો ખુર્રમ રહેતા. આપના મિઝાજમાં સાદગી, નરમી અને ઈન્કેસારી હતી. સખ્તી અને ગુસ્સો બિલકુલ નહીં. શક-શુબેહ, ફુઝુલ બોલવું અને બિનઝરૂરી ઝયાદા બોલવું આપને પસંદ ન હતું.

આપ જે વક્ત અસ્હાબોને દરમ્યાન કલામ ફરમાવતા તો આપની અઝમતને ખાતિર તમામ અસહાબ પોતાના સરને નીચું કરી ખામોશ બેસી રહેતા એ રીતે કે એમના સર પર કોઈ પરિન્દુ બેસું હોય. આપના અસ્હાબ જે વક્ત હસતા તો આપ પણ હસતા, તબસ્સુમ ફરમાવતા, કેહકહો લગાવતા નહીં અને બધા તઅજ્જુબ કરતા તો આપ પણ કરતા. અગર કોઈ બોલચાલમાં ખતા કરે તો આપ નિહાયત સબ્રથી કામ લેતા અને આપ (સ.અ.વ.વ.) ફરમાવતા કે હર હાજતમંદોની હાજતરવાઈ કરો. આપ બીનઝરૂરી કોઈને વાસ્તે તાઅરીફના પહાડ બાંધતા નહોતા અને કોઈની વાતને દરમ્યાનમાંથી કાપતા નહોતા. અલબત્ત, કોઈ બકવાસ કરવા લાગે તો આપ એને મનાઅ કરતા, અને ઉઠીને ચાલા જાતા. કોઈને પર રહેમ કરતી વક્ત યા ખૌફને વક્ત યા કોઈ તજવીઝ યા કોઈ મશવરાને વક્ત યા કોઈ ફિક્રને વક્ત આપ ખામોશ રહેતા. તમામ લોગો પર આપની નઝર એક સરખી રહેતી. દુનિયાની ફના અને આખેરતની બકાની વાતોમાં આપ હંમેશા ફિક્રમંદ રહેતા. આપની નરમી અને સબ્ર સાથે સાથે રહેતા અને કોઈ વક્ત આપ ગુસ્સે નહોતા થાતા. નેકીની રાહ પસંદ કરવું આપની ફિતરત અને તબીઅતમાં હતું અને તે મુજબ બુરાઈથી આપની કોસોની દૂરી હતી. આપ (સ.અ.વ.વ.) હંમેશા હરપલ આપના અસ્હાબ અને મુમેનીનની ઈસ્લાહ અને ફલાહમાં કોશિશ કરતા હતા.

સલવાતુલ્લાહે અલા મોહમ્મદીંવ વઆલેહીત્તાહેરીન. ★